ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/0160/CHH Section

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૫/૦૫/૨૦૨૩

વંચાણેલીધા :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૨૯/૦૮/૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:અનથ/ ૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૧૮/૧૨/૨૦૦૯.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૧૫/૮૪૧૫૦૫/ન.બા.૦૭/છ, તા.૨૯/૦૪/૨૦૧૬.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૧૬/૧૭૩૪૨૧/ન.બા./છ તા.03/૦૫/૨૦૧૭.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/APA/e-file/226/2023/0023/Children Protection Branch, તા.૦૪/૦૧/૨૦૨૩.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/APA/e-file/226/2023/0023/Children Protection Branch, તા.૧૮/03/૨૦૨૨૩.

આમુખ :-

વંચાણે લીધા ક્રમાંક (૧) થી પાલક માતા-પિતા યોજના સમગ્ર રાજ્યમાં લાગુ પાડવા માટેના વહીવટી મંજૂરીનાં હુકમો કરવામાં આવેલ હતા. જેમાં વંચાણે લીધા ક્રમાંક (૨) થી પસ્તુત યોજનાના ધારા ધોરણમાં ફેરફાર કરવામાં આવેલ હતો. વંચાણે લીધા ક્રમાંક (3) થી સહાય ૧૦૦૦/- થી વધારી ૩૦૦૦/- કરાયેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૪) થી પાલક માતા પિતા યોજનાના ધારા ધોરણમાં સુધારો કરી ૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા પૈકી પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુન:લગ્ન કરેલ હોય તેવા બાળકોને પણ આ યોજનાનો લાભ આપવાનું ઠરાવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૫) થી પાલક માતા પિતા યોજનાના ધારા ધોરણમાં ફેરફાર કરીને આ યોજનાનો લાભ ૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા પૈકી માતા મૃત્યુ પામેલ હોય અને પિતાએ પુન:લગ્ન કરેલ હોય તેવાં કિસ્સામાં બાળક તેનાં પિતા સાથે ન રહેતું હોય અને સગા-સંબંધી પાસે રહેતું હોય તો તેવા સંજોગોમાં પણ બાળકોને આ યોજનાનો લાભ પ્રાપ્ત થાય તે ઉદ્દેશથી કુલ રૂ.૩૬૦ લાખની જોગવાઇનો વર્ષ ૨૦૨૩-૨૪ નાં અંદાજપત્રમાં સમાવેશ કરવાની નવી બાબતની દરખાસ્ત રજૂ કરેલ હતી. તથા વંચાણે લીધા ક્રમાંક (૬) થી નિયામકશ્રી. સમાજ સુરક્ષાની સદરહુ નવી બાબતની વહીવટી મંજૂરી આપવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે પાલક માતા-પિતા યોજનામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા પૈકી માતા મૃત્યુ પામેલ હોય અને પિતાએ પુન:લગ્ન કરેલ હોય તેવાં કિસ્સામાં બાળક તેનાં પિતા સાથે ન રહેતું હોય અને સગા-સંબંધી પાસે રહેતું હોય તો તેવા બાળકોને પણ આ યોજનાનો લાભ આપવાનો રહેશે."

પાલક માતા-પિતા યોજનામાં ઉક્ત સુધારો કરતા સદરહુ યોજનાના સહાયનો લાભ આપવા અંગેની કુલ રૂ.૩૬૦.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રણ સો સાઇઠ લાખ પુરા)ની વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સામેલ ઉક્ત બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:

(૧) આ યોજનાનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે.

(૨) આ યોજનાના લાભાર્થી ૧૦ વર્ષથી મોટી ઉંમરના બાળકના કેસમાં, બાળકના નામનુ અલગ બેંક ખાતુ ખોલાવીને તે ખાતામાં જ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર(DBT)થી માસિક સહાયની રકમ જમા કરવામાં આવશે, જ્યારે ૧૦ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકના કેસમાં, અનાથ બાળકના ઉછેરની જવાબદારી જે વ્યક્તિએ ઉપાડી હોય તે વ્યક્તિના પોતાના એકલાના નામે જ બેંક ખાતું (Bank A/C in Singal name)ખોલવીને તે ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર(DBT)થી માસિક સહાયની રકમ જમા કરવામાં આવશે. ૧૦ વર્ષ કે તેથી નાની ઉંમરનુ બાળક જ્યારે ૧૦ વર્ષથી વધુ ઉંમરનુ થાય ત્યારે તે બાળકના નામનું અલગ બેંક ખાતુ ખોલાવીને તે ખાતામાં માસિક સહાયની રકમ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT)થી જમા કરવામાં આવશે.

(3) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનુ આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી(સ.સુ.)ની રહેશે.

(૪) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૫) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૬) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

(૭) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરેDBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૮) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૯) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવીને તેનો રિપોર્ટ સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૨) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૪) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૭) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.

(૨૩) આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨ મુ.સ ૨૨૩૫- ૦૨-૧૦૨-૦૧-૦૦ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૫/૪/૨૦૨૩ની તથા માન. મંત્રીશ્રીની તા.૦૨/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

Kpatel 8/5/23
(જયદીપ પટેલ)

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અ.મુ.સશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર
- અ.મુ.સ.શ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.),નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી,(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬. ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસ ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, છ-૧ શાખા/ બજેટ શાખા તથા કો.સેલ શાખા(વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ

RKN 8/5/23

File No: SJED/NIR/e-file/17/2023/0160/CHH Section
Approved By: Sunaina Tomar(ACS,Secretary Office,SJED)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign